# ૪. દિવ્યાંગ બંધુઓ

પ્રભુ દ્વારા દુનિયાના તમામ માનવીને એક સમાન અંગ આપેલ છે. પરંતુ કોઈ કારણો વસાત જન્મ સમયે કે અકસ્માત દ્વારા માનવીના શરીરમાં ખામી સર્જાય છે. આ શારીરિક ખોળ ખાપણ ના કારણે તે વ્યક્તિને પોતાના રોજીંદા કામો કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. અને તેને અન્ય વ્યક્તિનો સહારો લેવો પડે છે. આવી સર્જાયેલ શારીરિક ખામી ને દિવ્યાંગતા કહેવામાં આવે છે.



**સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ દ્વારા દિવ્યાંગજનો માટે નીચેની મદદ પૂરી પાડવામાં આવે છે.**

- દિવ્યાંગ વ્યક્તિને દિવ્યાંગતા પ્રમાણપત્ર કઢાવવા સહાય કરવી.
- દિવ્યાંગતા પ્રમાણપત્રના આધારે દિવ્યાંગતા સરકારી યોજનાકીય લાભ અપાવવા.
- દિવ્યાંગને રોજગાર લક્ષી તાલીમ અપાવવી અને તેના આધારે રોજગારી સાથે જોડવા.
- નિરાધાર દિવ્યાંગ બાળકો માટે હોસ્ટેલ અને આવાસની વ્યવસ્થા કરાવવા મદદ કરવી.
- દિવ્યાંગ બાળકોને શિક્ષણ સંબંધિત સહાય કરવી.
- દિવ્યાંગોને કૃત્રિમ અંગ અપાવી સહાય કરવી.
- દિવ્યાંગોની રોજીંદી જરૂરિયાતને પૂર્ણ કરવામાં મદદરૂપ બને તેવા જરૂરી ઉપકરણો અપાવવા.
- દિવ્યાંગોની સંભાળ અને સર્વાંગી વિકાસ માટે સમાજમાં જાગૃતી લાવવા કાર્યક્રમો કરવા.







સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ, ગાંધીનગર એ ગાંધીનગર મહાધર્મપ્રાંતના નેજા હેઠળ સામાજિક વિકાસ પ્રવૃત્તિ કરનાર એક સ્વૈચ્છિક, બિન સરકારી સંસ્થા (એનજીઓ) છે. જે ઉત્તર ગુજરાતના અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા એમ કુલ ૬ જીલ્લાઓમાં કાર્યરત છે.

ટ્રસ્ટ રજી. નં.: એફ/૧૦૩૩/ગાંધીનગર
સોસાયટી રજી. નં.: ગુજ/૧૦૭૭/ગાંધીનગર
૮૦જીઃ સીઆઈટી/ જીએનઆર/૮૦જી-જીએનઆર-૧૨/૨૦૧૩-૧૪

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘની સ્થાપના જુલાઈ ૨૦૦૩માં સોસાયટીઓ નોંધણી અધિનિયમ ૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ થઇ છે.




સંસ્થાની પ્રવૃત્તિઓનો આધાર કેથોલિક સામાજિક શિક્ષણ છે કે જે લોકોને ગરીબી અને ભૂખમરો હટાવવાનું આહવાહન કરે છે તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત લોકોને આગળ લાવવા માટે કાર્યરત છે. મીલેનીયમ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટલ ગોલને સિદ્ધ કરવા પ્રયત્નશીલ રહી ફાળો પૂરો પાડે છે.

ફોન : +૯૧ ૯૪૨૬૦ ૮૯૩૦૮, +૯૧ ૯૭૨૬૪ ૬૬૬૦૭
ઈ-મેઈલ : ssssang@gmail.com
વેબસાઈટ : www.ssssang.org

**નોંધણી કાર્યાલયઃ**
સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ
આર્ચબીશપ હાઉસ,
સેક્ટર ૮,
ગાંધીનગર - ૩૮૨૦૦૮

**વહીવટી કાર્યાલયઃ**
સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ
''શાંતિવન'' જીવન વિકાસ કેન્દ્ર,
રાંધેજા રોડ, પેથાપુર,
ગાંધીનગર ૩૮૨૬૧૦

# સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ

## અમારી વિશિષ્ઠ દ્રષ્ટિ

એવા મુકત સમાજ માટે અવિરત પ્રયત્નશીલ રહી પ્રેમ, સમાનતા, ન્યાય, ક્ષમા, અને અધ્યેત્તાવૃત્તિ જેવા મૂલ્યોનું સંવર્ધન કરવામાં આવે.

Sabarmati Samruddhi Seva Sangh
Archdiocese of Gandhinagar
called to do good

## અમારું વિશિષ્ઠ લક્ષ્ય

ગરીબોનું માનવગૌરવ, શિક્ષણ અને સશક્તિકરણ દ્વારા પુનઃસ્થાપિત કરવા, જ્યાં મહિલાઓ અને યુવાઓ પર ધ્યાન કેન્દ્રિત હોય.

# વિવિધ ક્ષેત્રે થતા કાર્યક્રમો

## ૧. આરોગ્ય

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ ગ્રામીણ મહિલા અને બાળકોનાં આરોગ્ય માટે છેલ્લા ૨૦ વર્ષથી કાર્યશીલ અને પ્રયત્નશીલ રહે છે. જેમાં મુખ્યત્વે માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદર ઘટાડવા, કુપોષિત અને એનિમિયાથી પીડાતી મહિલાઓ, ૦ થી ૬ વર્ષનાં બાળકો તેમજ સગર્ભા બહેનો, સ્તનપાન કરાવતી માતાઓ, સલામત પ્રસુતિ, માતા અને બાળકો માટે પૌષ્ટિક આહાર તેમજ કિશોરીઓના આરોગ્ય, સ્વચ્છતા, રસીકરણ, પોષણ, સામાન્ય, ગંભીર રોગો અને સજીવ ખેતી, ગ્રામસભા, સજીવ ખાતર અને દવાઓ, ઝીણા અનાજની વૃદ્ધિ, પરંપરાગત બિયારણ, પદ્ધતિસરનું કિચન ગાર્ડન જેવા વિષયો ઉપર બહેનોને જરૂરી પ્રયોગો દ્વારા તાલીમો આપવામાં આવે છે. એસ.એસ.એસ.એસ.ના કાર્યકરો પોતાના અને આજુબાજુનાં ગામોમાં આ તાલીમોનો ઉપયોગ કરી આરોગ્યક્ષેત્રે પરિવર્તન લાવવા પ્રયાસો કરે છે. વધુમાં, એસ.એસ.એસ.એસ. દ્વારા જાગૃતિ કાર્યક્રમો, વિષય સંબંધિત સ્પર્ધાઓ, કેમ્પ, અને આરોગ્યના ક્લાસ દ્વારા શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.

એસ.એસ.એસ.એસ. કાર્યકરો દ્વારા સગર્ભાબહેનો અને બાળકોનું વૃદ્ધિ પત્રક નિરિક્ષણ, સરકારી યોજનાઓનો લાભ અને કુપોષિત મહિલા અને બાળકોના ઘરે ઓર્ગેનિક કિચન ગાર્ડન, મહિલા ખેડૂતો સજીવ અને ખાદ્ય પાકોની ખેતી કરે તે માટે તાલીમ અને પ્રોત્સાહન આપી કાર્ય કરે છે.






## ૨. સશક્તિકરણ

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘમાં શરૂઆતથી સશક્તિકરણ ક્ષેત્રે ઘણા-ખરા કાર્યક્રમો અમલમાં મુકવામાં આવેલા છે. જેમાં મહિલા સશક્તિકરણ એક મહત્વનો ભાગ છે. સ્ત્રીઓના સમાન અધિકારો અને તકોને ધ્યાને લઇ સંસ્થાના કાર્યક્રમો દ્વારા મહિલા સહકારી મંડળીઓની સ્થાપના કરી મહિલા સશક્તિકરણને આગળ વધારવા માટે પગલાં લઈ રહ્યા છીએ. સંસ્થાનાં પ્રયત્નો અને ભાગીદારી દ્વારા સમગ્ર મહાધર્મપ્રાંતમાં કુલ ૧૦ મહિલા સહકારી મંડળીઓની સ્થાપના કરી મહિલા ઉત્થાનહેતુ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં, બચત અને ધિરાણ દ્વારા નાણાકીય ટેકો મેળવવા મદદરૂપ થાય છે. વધુમાં, મહિલાઓ પગભર અને સદ્ધર થાય તે માટે બ્યુટીશિયન, સીવણકામ અને ભરતગુંથણ જેવી તાલીમો આપી ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા કાર્યરત છે. નેતૃત્વ, માર્કેટિંગ સ્ટ્રેટેજી, સરકારી યોજનાઓ, સરકારી ખાતાઓ અને અન્ય સ્ટેકહોલ્ડર સાથેના જોડાણ, દસ્તાવેજીકરણ જેવી તાલીમો દ્વારા મહિલાઓનું ઉત્થાન કરવામાં આવી રહ્યુ છે.






ફ્રન્ટેક્ષ કાર્યક્રમ અંતર્ગત યુરોપીયન દેશોમાં ગેરકાયદેસર રીતે સ્થળાંતર કરનાર કે અન્ય રીતે ફસાયેલા ભારતીયોને પોતાના વતન પરત લાવી તેમને માનસિક અને શારીરિક રીતે સ્થિર કરવા મદદ કરવામાં આવે છે. સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ અને કારીતાસ ઈન્ડિયા દ્વારા તેઓના જીવનનિર્વાહ માટે વ્યવસાય, શિક્ષણ, કૌટુંબિક કે વ્યક્તિગત કાઉન્સેલિંગ, આરોગ્ય જેવી સવલતો પૂરી પાડવામાં આવે છે.





## ૩. સ્થળાંતરિત શ્રમિકો

“આપણા વિસ્તારમાં રોજગારી માટે આવીને રહેતા પ્રવાસી શ્રમિકો અને તેઓના પરિવારના સભ્યોના જીવન ધોરણમાં સુધારો લાવી તેઓના સર્વાંગી વિકાસ માં મદદરૂપ બનવું.”

સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ ધ્વારા સ્થળાંતરિત શ્રમિક અને તેઓના પરિવારના લોકોને સામાજિક સુરક્ષા, અધિકાર, રોજગારી, સ્વાસ્થ્ય, આશ્રય, શિક્ષણ, સરકારી યોજનાકીય લાભ જેવી મદદ મળીરહે તે માટેની કામગીરી કરવામાં આવે છે.

## સંસ્થાની મુખ્ય સેવાઓ

**: હેલ્પ ડેસ્ક :**

• કાનૂની સલાહ. • સ્થળાંતરિત શ્રમિકોના બાળકો માટે શૈક્ષણિક માર્ગદર્શન. • તબીબી સુવિધાઓ વિશે માહિતી આપવી. • ઓળખ પત્ર અને દસ્તાવેજીકરણ માટે માર્ગદર્શન. • સરકારી યોજનાકીય લાભ માટે માર્ગદર્શન. • રોજગારમાં લઘુત્તમ વેતન અને અન્ય સુવિધાઓ અંગે સલાહ.

**: MRC સેન્ટર :**

• સ્થળાંતરીત કામદારોની નોંધણી. • આધાર અને રેશન કાર્ડમાં સુધારો. • નવા દસ્તાવેજો બનાવવામાં મદદ જેવા કે આયુષ્માન કાર્ડ, ઈ-શ્રમ, ઈ-નિર્માણ, આભા કાર્ડ • કાનૂની મદદ. • સરકારી યોજનાઓ માટે નોંધણી. • રોજગાર માટે માહિતી અને સમર્થન. • કર્મચારીના લઘુત્તમ વેતન વિશેની માહિતી. • તબીબી સુવિધાઓમાં મદદ.

**: શ્રમજીવી નિવાસ :**

• આશ્રય પૂરો પાડવો. • રોકાણના સમયગાળા દરમિયાન ભોજનની સુવિધા. • નોકરીમાં મદદ મળે.

